જિલ્લા હોસ્પિટલ ખાતે કુલ ૩૪ જિલ્લામાં ડીએડિક્શન (નશામુક્તિ) સેન્ટર સ્થાપવા માટે રૂ.૧૪.૯૦ કરોડની વર્ષ ૨૦૨૬-૨૭ ની નવી બાબત....

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક: **SJED/PAS/e-file/17/2026/0243/CHH-2 Section**
સચિવાલય, ગાંધીનગર.
તા. As per E-sign

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૧૪/૦૭/૨૦૨૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીનો તા.૦૭/૦૮/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: DSD/0476/07/2026

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના વિભાગના તા.૧૪/૦૭/૨૦૨૬ ના ઠરાવથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરની કમિશનરશ્રી, અર્બન, અધિક નિયામકશ્રી તબીબી સેવાઓની કચેરી હેઠળ આવતી જિલ્લા હોસ્પિટલ ખાતે રાજય સરકારના ૧૦૦% હિસ્સાવાળી સ્ટેટ એક્શન પ્લાન ફોર ડ્રગ ડીમાન્ડ રીક્શન યોજના અંતર્ગત કુલ ૩૪ જિલ્લાઓમાં મહિલા અને પુરુષો માટે ૧૫ બેડ ક્ષમતાનું ડી-એડિક્શન સેન્ટર સ્થાપવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં કુલ રૂ.૧૪.૯૦ કરોડની નવી બાબતની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. સદર ઠરાવના મુદ્દા નં.૪ માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કમિશનરશ્રી, (અર્બન) તબીબી સેવાઓની કચેરીનો બજેટ હેડ દર્શાવવામાં આવેલ છે. પરંતુ વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના પત્રથી અત્રે મળેલ દરખાસ્ત મુજબ, હાલમાં સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળ રાજ્ય સરકારની ૧૦૦% હિસ્સાવાળી 'State Action Plan for Drug Demand Reduction (SAPDDR)' યોજના વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના બજેટ હેઠળ ફાળવવામાં આવેલ છે.

સુધારા ઠરાવ:-

ઉક્ત યોજનાની કામગીરી તથા ખર્ચ રાજ્ય સરકારના ૧૦૦% હિસ્સાથી કરવામાં આવનાર હોઈ, યોજનાની વાસ્તવિક કામગીરી અને બજેટમાં થયેલ જોગવાઈને અનુરૂપ યોગ્ય હિસાબી વર્ગીકરણ જળવાઈ રહે તે માટે વહીવટી મંજૂરીના ઠરાવમાં દર્શાવાયેલ બજેટ હેડમાં સુધારો કરવો જરૂરી છે.

આથી, ઉક્ત વહીવટી મંજૂરીના ઠરાવના મુદ્દા નં.૪ માં દર્શાવાયેલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના બજેટ હેડ હેડના સ્થાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીને બજેટમાં ફાળવવામાં આવેલ નીચે મુજબનો બજેટ હેડ વાંચવાનો રહેશે:-

મૂળ બજેટ હેડ

બજેટ માંગણી નં. – ૩૯
મુખ્ય સદર – ૨૨૧૦ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ
ગૌણ સદર – ૧૧૦
પેટા સદર – ૦૪ (HLT-૦૫)

સુધારેલ બજેટ હેડ

બજેટ માંગણી નં. – ૯૨
મુખ્ય સદર – ૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ
પેટા મુખ્ય સદર – ૦૨ – સમાજ કલ્યાણ
ગૌણ સદર – ૧૦૬ – સુધારાલક્ષી સેવાઓ

પેટા સદર – ૦૫ – SSW-15 – SAPDDR (State Action Plan for Drug Demand Reduction) – 100% State

આથી વિભાગના ઉપરોક્ત સંદર્ભિત ઠરાવમાં જ્યાં "**બજેટ માંગણી નં. ૩૯, મુખ્ય સદર ૨૨૧૦, ગૌણ સદર ૧૧૦, પેટા સદર ૦૪ (HLT-૦૫)**" દર્શાવવામાં આવેલ છે, તેના બદલે "**બજેટ માંગણી નં. ૯૨, મુખ્ય સદર ૨૨૩૫, પેટા મુખ્ય સદર ૦૨, ગૌણ સદર ૧૦૬, પેટા સદર ૦૫ – SSW-15 – SAPDDR (State Action Plan for Drug Demand Reduction) – 100% State**" એમ વાંચવાનું રહેશે.

ઉક્ત સુધારા સિવાય વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના વિભાગના તા.૧૪/૦૭/૨૦૨૬ ના મૂળ ઠરાવની અન્ય તમામ શરતો, જોગવાઈઓ તથા વિગતો યથાવત્ રહેશે.

આ સુધારા ઠરાવ સરખા ક્રમાંકની વિભાગની ફાઇલ પર નાણા વિભાગની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

E-signed
(જીગર પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા.અધિ.વિ.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.અધિ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફ ઉક્ત સુધારા ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઈલ-૨૦૨૬.

*Signature Not Verified*

*Signed by: Jigar Patel*
*Section Officer InCharge*
*Date:2026.09.25*
*15:07:03 +5:30*

File No: SJED/PAS/e-file/17/2026/0243/CHH-2 Section
Approved By: Secretary,SJED

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*